ક્રમાંક:/ધદન/૨૦૧૮ - ૪૪૭૮
જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનનીસામે,
કારેલીબાગ,વડોદરા
તા.૨૬/૧૦/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ પ્રાથમિક / માધ્યમિક/ ઉ.માધ્યમિક શાળાઓ તમામ,
જિ.વડોદરા.

વિષય :- સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં યથા-યોગ આપવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શહિદ સૈનિકોના પરિવાર તથા પૂર્વ સૈનિકોના કલ્યાણકારી કાર્યક્રમોના આયોજન માટે નાગરીકો પાસેથી ફાળો એકઠો કરવાના કાર્યક્રમનો આરંભ સમગ્ર દેશમાં પ્રતિ વર્ષ ૭ ડિસેમ્બર ના રોજ "સશસ્ત્ર સેના ધ્વજદિન" ની ઉજવણીથી કરવામાં આવે છે. રાષ્ટ્રની રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોછવર કરનાર વીર સૈનિકોના કુટુંબીજનોની સંભાળ લેવા તથા તેઓ પોતાના જીવનનો નિર્વાહ સ્વમાનભેર કરી શકે તેવી વ્યવસ્થા કરવા અને યુધ્ધ અને આંતરીક સુરક્ષાની કાર્યવાહીમાં શારીરીક ક્ષતિગ્રસ્ત થયેલા સૈનિકોના પુનર્વસવાટ માટે તેમજ સશસ્ત્ર સેનાઓને યુવાન રાખવાની અનિવાર્ય જરૂરીયાત ના કારણે મુલ્કી સેવાઓની સરખામણીમાં ઘણી નાની ઉંમરમાં સશસ્ત્ર સેનાઓમાંથી છુટા કરવામાં આવતા સૈનિકો અને તેઓના પરીજનોના કલ્યાણ માટે વિવિધલક્ષી કલ્યાણકારી યોજનાઓ બનાવવા માટે "સશસ્ત્ર સેના ધ્વજદિન" ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે. દેશની સીમાઓ પર થતા યુધ્ધ તેમજ દેશની આંતરીક સુરક્ષાની જાળવણીની કાર્યવાહીમાં શહીદ થતા ગુજરાત રાજયના અધિકારીઓ/સૈનિકોના ધર્મપત્નિઓ,માતા – પિતા અને સંતાનોને આ ભંડોળમાંથી સહાય આપવામાં આવે છે.

આપના તરફથી એકઠો કરવામાં આવેલ ધ્વજદિન ભંડોળ રોકડમાં અથવા "કલેક્ટર અને પ્રમુખશ્રી, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ,વડોદરા" ના નામનો લોકલ બેંક ચેક / ડ્રાફ્ટ થી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,વડોદરામાં જમા કરાવવો.જેની સરકારી રસીદ આપવામાં આવશે.

**"સશસ્ત્ર સેના ધ્વજ દિન" ફાળા પેટે ચેક /ડ્રાફ્ટ જમા કરવાના એકાઉન્ટની વિગત તથા ફાળાની પહોંચ પાઠવનાર કચેરીની વિગત અને સરનામું**

| ક્રમ | જીલ્લો | ચેક /ડ્રાફ્ટ જમા કરવા માટે એકાઉન્ટનુ નામ (Payable To) | ફાળો સ્વિકારનાર નોડલ અધિકારીની વિગત તથા કચેરીનું સરનામું |
|---|---|---|---|
| ૧ | વડોદરા | કલેકટર અને પ્રમુખ, સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળ, વડોદરા | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સૈનિક કુમાર છાત્રાલય ભવન, છાણી રોડ,વડોદરા-૩૯૦૦૨૪. ફોનં નં:- ૦૨૬૫-૨૭૭૨૬૬૬ |

જિલ્લાશિક્ષણાધિકારી
વડોદરા

Scanned by CamScanner